
પૂજા અને ધાર્મિક સેવાઓનાં સ્થાન

# MAનાં સુરક્ષાનાં ધોરણો

પૂજાનાં સ્થળો વર્ચ્યુઅલ રીતે અથવા આઉટડોર સેવાઓનું આયોજન કરે અને એક જ ઘરમાંથી ન હોય એવી હાજર વ્યક્તિઓ વચ્ચે ઓછામાં ઓછા 6 ફૂટનું અંતર જાળવવાની ખાતરી કરવામાં આવે તે માટે આગ્રહ કરવામાં આવે છે. સેવાઓનું આયોજન કરતી વખતે પૂજાનાં સ્થળો નીચેની આવશ્યકતાઓનું પાલન કરે તે અનિવાર્ય છે.

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો




**સામાજીક અંતર**

ઇન્ડોર સેવાઓ માટે, પૂજાનાં સ્થળો સભ્યના પ્રવેશ અને ઍક્ઝિટ પર નજર રાખે તથા નીચેનામાંથી જે વધારે હોય તે પ્રમાણે તમામ સમયે હાજર વ્યક્તિઓની સંખ્યા મર્યાદિત રાખે તે અનિવાર્ય બનશે:

- મ્યુનિસિપલ બિલ્ડિંગ વિભાગ અથવા અન્ય મ્યુનિસિપલ રેકૉર્ડ હોલ્ડર સાથે રેકૉર્ડ પર હોય એવી કબ્જાની પરમિટમાં જણાવ્યા પ્રમાણે જે તે જગ્યામાં મહત્તમ માણસો રહી શકે તે અંગે ઈમારતની ક્ષમતાના 50% જેટલા લોકો જ હાજર રહી શકશે
- જેના માટે હાજર વ્યક્તિઓની મર્યાદા અંગેની કોઇ મંજૂરી રેકૉર્ડ પર ન હોય એવી ઈમારતો ઍક્સેસિબલ સ્પેસના 1,000 ચોરસ ફીટ દીઠ 10 વ્યક્તિઓ (સ્ટાફ સહિત)ને મંજૂરી આપી શકશે
- કોઇ પણ સ્થિતિમાં ઈમારતની અંદરની બંધ જગ્યામાં 1,000 ચોરસ ફીટ દીઠ 10થી વધુ વ્યક્તિઓ હાજર રહી શકશે નહિ
- તમામ હાજર વ્યક્તિઓની સંખ્યા અને ગણતરીઓમાં હાજર રહેલી વ્યક્તિઓ, સ્ટાફ અને અન્ય કામદારોનો સમાવેશ થશે
- હાજર રહેતી એવી વ્યક્તિઓ કે જે સમાન તત્કાલીન ઘરનો ભાગ ન હોય તેઓ ઓછામાં ઓછા 6 ફૂટના અંતરે બેસે તે જરૂરી છે. એક જ તત્કાલીન ઘરના સભ્યોને સાથે બેસવાની અને 6 ફૂટથી ઓછા અંતરે બેસવાની મંજૂરી આપવામાં આવે છે.

જો કોઈ નિશ્ચિત બેઠક હોય તો હરોળોને બ્લૉક કરવી જોઈએ અને ખાલી રાખવી જોઈએ, જેથી હરોળોની વચ્ચે પૂરતું અંતર રાખી શકાય.

બધી હાજર વ્યક્તિઓ અને કર્મચારીઓએ પૂજાના સ્થાનની અંદર હોવા દરમિયાન અને પ્રવેશ કરતી વખતે તેમજ બહાર જતી વખતે અથવા અન્યથા રૂબરૂ સેવામાં ભાગ લેતી વખતે COVID-19 આદેશ નં 31 અને ડિપાર્ટમેન્ટ ઑફ પબ્લિક હેલ્થના નિર્દેશો અનુસાર ફેસ કવરિંગ અથવા માસ્ક પહેરવાનાં રહેશે, સિવાય કે કોઈ રોગ અથવા વિકલાંગતાના કારણે વ્યક્તિ ફેસ કવરિંગ અથવા માસ્ક પહેરી શકે તેમ ન હોય.

સેવાનું સંચાલન કરવામાં અથવા સંબોધન કરવામાં સામેલ કોઈ આગેવાન અથવા અનુષ્ઠાતા પોતાની પ્રવૃત્તિ કરવા દરમિયાન માસ્ક દૂર કરી શકે છે, શરત એ કે તેઓ ત્યાં હાજર વ્યક્તિઓથી ઓછામાં ઓછું 6 ફૂટનું અંતર જાળવે; ભાષણ માટેના મંચ અને સંબોધનના અન્ય સ્થાનો માટે રક્ષણાત્મક, પ્લૅક્સિ-ગ્લાસ કે અન્ય પારદર્શક આડશો બેસાડવાની ભલામણ કરવામાં આવે છે

2થી 5 વર્ષના વયજૂથનાં બાળકો માટે ફેસ કવરિંગ અથવા માસ્ક પહેરવું એ બાળકનાં માતા કે પિતા અથવા વાલીની વિવેકબુદ્ધિને આધીન છે. 2 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોએ ફેસ કવરિંગ અથવા માસ્ક પહેરવું જોઈએ નહિ.

કોઈ રોગ કે વિકલાંગતાના કારણે ફેસ કવરિંગ અથવા માસ્ક પહેરવાનો ઇન્કાર કરતી વ્યક્તિ રોગની ખરાઈ કરતા દસ્તાવેજો પૂરા પાડે તે જરૂરી બનશે નહિ.

### ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો

જો અનુકૂળ હોય તો, હાજર રહેતી વ્યક્તિઓની સંખ્યા પર નજર રાખવા અને તેને મર્યાદિત કરવા માટે પૂજાનાં સ્થાન અગાઉથી સેવાઓ માટે ઑનલાઇન સાઇન-અપની વ્યવસ્થા કરે એવો આગ્રહ કરવામાં આવે છે.

6 ફૂટના અંતરને અલગ પાડીને બતાવવા માટે બેઠક પર ટેપ અથવા અન્ય વિઝ્યુઅલ ડિસ્ટન્સિંગ માર્કિંગ મૂકવા માટે અને હરોળ દીઠ માન્ય વ્યક્તિઓની મહત્તમ સંખ્યા સૂચવતું પાટિયું મૂકે એવો આગ્રહ કરવામાં આવે છે.

જ્યાં શક્ય હોય ત્યાં બંધિયાર જગ્યાઓમાં હવાઉજાસ શક્ય બનાવો. દાખલા તરીકે, હવાનો પ્રવાહ આવી શકે તે માટે બારીઓ અને બારણાં ખોલવાનો વિચાર કરો

તબીબી સિવાયનાં કારણોથી ફેસ કવરિંગ કે માસ્ક પહેરવાનો ઇન્કાર કરતી વ્યક્તિને પૂજાસ્થાન પ્રવેશ આપવાનો ઇન્કાર કરી શકે છે.

પૂજાસ્થાનોને આગ્રહ કરવામાં આવે છે કે સેવાઓમાં વ્યવસ્થિત રીતે પ્રવેશ અને બહાર નીકળવા માટેનાં પગલાંઓ લેવામાં આવે, જેથી સામાજિક અંતર જાળવી શકાય દાખલા તરીકે:

- પાટિયાં અથવા ફ્લોર માર્કિંગ એવી રીતે પોસ્ટ કરવાં જોઈએ જેથી બેઠકોની હાર વચ્ચેથી એકતરફી માર્ગ મળે અથવા અન્યથા હાજર રહેલી વ્યક્તિઓને સર્વિસમાં પ્રવેશવા અને બહાર નીકળવા માટેના ચોક્કસ માર્ગો પર ચાલવાનો નિર્દેશ આપવો જોઈએ
- જો સર્વિસની બહાર એક લાઇન બને તો રાહ જોનારા લોકોને સામાજિક અંતર જાળવવાના નિર્દેશો આપવા જોઈએ. પૂજાસ્થાનોની બહારની જમીન પર ટેપ અથવા અન્ય માર્કિંગ એવી રીતે મૂકવાં જોઈએ જેથી હાજર રહેતી વ્યક્તિને ઓછામાં ઓછા 6 ફૂટનું સામાજિક અંતર જાળવવાનું પ્રોત્સાહન મળે
- કર્મચારીગણે વધુ ટ્રાફિકવાળા વિસ્તારમાં લોકોને સામાજિક અંતર જાળવવામાં મદદ કરવાના નિર્દેશો આપવા જોઈએ
- અધિકારીઓ અથવા અન્ય કર્મચારીઓએ ક્રમાનુસાર, એક-એક હરોળ પ્રમાણે ઍક્ઝિટ થાય તે જોવું જોઈએ



**આરોગ્ય પ્રોટૉકોલ્સ**

પૂજાસ્થાનો એ બાબતની ખાતરી કરશે કે હાજર રહેતી વ્યક્તિઓ અને કામદારોને હાથ ધોવાની સુવિધાઓ મળે, જેમાં સાબુ અને નળનાં પાણીનો પણ સમાવેશ થાય છે અને કામદારોને જરૂર પડ્યે હાથ ધોવા માટે વિરામનો પૂરતો સમય મળી રહે. શક્ય હોય તો તેઓ ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથે આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સ બનાવે એવો પણ આગ્રહ કરવામાં આવે છે

જે તે વિભાગ માટેના વિશિષ્ટ પ્રોટોકૉલ્સની વધારાની વિગતો https://www.mass.gov/info-details/reopening-massachusetts પર મળી શકશે

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો

### સ્ટાફ અને કામગીરીઓ

Places of Worship shall communicate to members and workers that they should not attend services in-person if any of the following are true:

- Member or worker is experiencing any symptoms such as fever (100.0 and above) or chills, cough, shortness of breath, sore throat, fatigue, headache, muscle/body aches, runny nose/congestion, new loss of taste or smell, or nausea, vomiting or diarrhea
- Member or worker has had "close contact" with an individual diagnosed with COVID-19. "Close contact" means living in the same household as a person who has tested positive for COVID-19, caring for a person who has tested positive for COVID-19, being within 6 feet of a person who has tested positive for COVID-19 for 15 minutes or more, or coming in direct contact with secretions (e.g., sharing utensils, being coughed on) from a person who has tested positive for COVID-19, while that person was symptomatic
- Member or worker has been asked to self-isolate or quarantine by their doctor or a local public health official

Places of worship shall not have communal gathering pre or post service (e.g., coffee hours or other food services)

Places of worship can allow small gatherings (such as support group meetings) to be held with 10 persons or fewer

Places of worship running food pantries or other prepackaged food distribution may continue to do so

Any childcare services should follow the latest EEC child-care guidance, available on the EEC Reopening Site

If a place of worship learns that an attendee or worker or other worker has tested positive for COVID-19, it shall notify the local Board of Health (LBOH) in the city or town where the place of worship is located and assist the LBOH as reasonably requested to trace likely contacts and advise contacts to isolate and self-quarantine

**Recommended best practices**

Places of worship are encouraged to modify the means to collect any financial contributions from attendees so as to eliminate shared contribution trays and baskets and to minimize contact. Consider setting up a no-touch method to collect contributions, and encouraging contributions through mail or electronic means

Places of worship are encouraged to modify communal rituals, like taking communion or passing of the peace, so as to limit contact with others. Consider distributing, where applicable, prepackaged communion or sacraments

### સફાઈ અને રોગાણુનાશન

પ્રત્યેક સર્વિસની વચ્ચે પૂજાસ્થાનોની સફાઈ અને રોગાણુનાશનની પ્રક્રિયા કરવી જોઈએ, જેમાં ભારે અવરજવરવાળા વિસ્તારો અને બહુ સ્પર્શ થત્યો હોય એવી સપાટીઓના રોગાણુનાશનનો પણ સમાવેશ થાય છે (દા.ત. બારણાનાં નૉબ, બાથરૂમ, માઇક્રોફોન, સહિયારાં સાધનો).

જો પૂજાસ્થાનને એવી માહિતી મળે કે COVID-19થી ગ્રસ્ત વ્યક્તિએ સર્વિસમાં હાજરી આપી છે અથવા અન્યથા પૂજાસ્થાનમાં પ્રવેશી છે તો તેઓ સેન્ટર્સ ફૉર ડિસીઝ કન્ટ્રોલના નિર્દેશો અનુસાર ઝીણવટભર્યું સફાઈકામ અને રોગાણુનાશનની પ્રક્રિયા કરશે.

જો પૂજાસ્થાનને એવી માહિતી મળે કે કોઈ આવેલી વ્યક્તિ અથવા કામદાર કે અન્ય કામદારને COVID-19 પૉઝિટિવ આવેલ છે તો તેઓએ પૂજાસ્થાન જ્યાં આવેલું હોય તે શહેર કે નગરના સ્થાનિક સ્વાસ્થ્ય બૉર્ડ (LBOH)ને જાણ કરવાની રહેશે અને સંભવિત સંપર્કોને એકાંતવાસમાં જવા તથા સેલ્ફ-ક્વોરન્ટીન થવા માટે જાણ કરવા માટે વાજબીપણે વિનંતી કર્યા પ્રમાણે LBOHને સહાયતા કરવાની રહેશે.